# જનસંપર્ક અધિકારી,

## પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦


**તા.૨૫/૦૫/૨૦૨૫ રવિવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૭૦૬/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૭ કેસ કરી, ૩૬ વ્યક્તિઓને ઝડપી, ૧૫૬ લીટર દેશી દારૂ, ૦૨ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૪૪૮ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૯ બીયરટીન, ૦૧ ટ્રક, ૦૧ રીક્ષા અને ૦૨ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૩ કેસ કરી ૧૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૯,૪૮૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૭૦૭/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૮૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૭ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૭૦૮/૨૦૨૫**

**સાબરમતીઃ** માનીશકુમાર પુખરાજ જૈન (ઉ.વ.૪૫)(રહે.સિધ્ધશીલા એપાર્ટમેન્ટ, એચ.એચ.પટેલ સ્કુલની બાજુમાં, રામનગર સાબરમતી) એ તા.૨૪/૦૫/૨૦૨૫ ના રોજ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૭/૦૫/૨૦૨૫ સાંજના ૭/૦૦ થી તા.૧૮/૦૫/૨૦૨૫ રાતના ૧૧/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાની જાળી અને નકુચો તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, તીજોરીમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૭,૪૧,૫૦૦/- મતાની ચોરી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી વી.એચ.ચૌધરી ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૭૦૯/૨૦૨૫**

**નરોડાઃ** વિરભદ્રઅપ્પા રામઅપ્પા (રહે.મારૂતી વીલા, વિઠ્ઠલ પ્લાઝા, કાલીમાતા મંદિર પાસે, નરોડા) એ તા.૨૪/૦૫/૨૦૨૫ ના રોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે એપ્રીલ/૨૦૨૫ થી આજદિન ના સમયગાળા દરમ્યાન નરોડા “મારૂતી વીલા” નામની સાઈટ ઉપર તથા આજુ બાજુની સાઈટો ઉપર જી.ઈ.બી ને લગતુ અલગ-અલગ મટીરયલ્સ કુલ કિંમત રૂપિયા ૧,૭૯,૦૦૦/- મતાનુ કોઈ અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જી.બી.વિહાત ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૭૧૦/૨૦૨૫**

**વસ્ત્રાપુરઃ** આકાશભાઇ ગોવિંદભાઇ શ્રીમાળી (ઉ.વ.૩૦) (રહે.”સી” ટાઇપ ટાવર, સરકારી વસાહત, વસ્ત્રાપુર) એ અગમ્ય કારણસર તા.૨૪/૦૫/૨૦૨૫ સવારના ૧૧/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે પાઘડીનુ કપડુ બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વસ્ત્રાપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી કાજલબેન ગોરધનભાઇ ચલાવે છે.

**વટવાઃ** કમલેશ સ/ઓ મહેશભાઈ ચૌહાણ (ઉ.વ.૨૨)(રહે.કુશાભાવ ઠાકરેનગર, ચાર માળીયા વટવા) એ અગમ્ય કારણસર તા.૨૪/૦૫/૨૦૨૫ બપોરના ૧/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી પ્રિયવનસિંહ ધીરજસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી